અપીલ અરજી નં.૮૨ તા.૩૦-૬-૦૯/૧૦

અરજદારઃ- શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ- ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તા)

## ફરીયાદની હકીકતઃ-

**વિષયઃ**-આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૩૦-૫-૦૯ ની અરજીથી જરૂરી પુરાવા આપીને ગુમાસ્તાના લાયસન્સની બીપીએમસી એકટની જોગવાઈ છે જ નહીં હોત તો જરૂરી પુરાવા આપી લાયસન્સ આપવાની જોગવાઈ કયા અધિકારીએ આપી હતી તે અધિકારીનું નામ આપશો તેવી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૩૦-૬-'૦૯ ની અપીલ અરજી નં.૮૨/૨૦૦૯-૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૩૦-૫-૦૯ ની અરજીથી જરૂરી પુરાવા આપીને ગુમાસ્તાના લાયસન્સની બીપીએમસસી એકટની જોગવાઈ છે જ નહીં હોત તો જરૂરી પુરાવા આપી લાયસન્સ આપવાની જોગવાઈ કયા અધિકારીએ આપી હતી તે અધિકારીનું નામ આપશો તેવી માહિતી આપવા બાબતે માંગેલ માહિતીનો જે જવાબ આપવામાં આવેલ છે જે સંતોષકારક નથી અને ખોટો જવાબ આપવામાં આવેલ હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦-૬-૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૩૯ તા.૭-૭-૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તા)ને તથા અરજદારને કયા સંદર્ભમાં શુ માહિતી જોઈએ છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.એસ.એન્ડ.ઈ./ જા/૮૭ તા.૧૪ -૭-૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે જયારે અરજદાર તરફથી પત્ર નં. સીસીસી/સે.ઝોન/ઈન/૧૩૯ તા.૧૩-૭-૦૯ થી પત્ર મળેલ છે. જેમાં કોઈ પણ નાગરિક (કરદાતા) કારખાના માટે તેમજ દુકાન તેમજ ઓફિસ ચાલુ કરવા માટે જરૂરી પુરાવા લઈને ગુમાસ્તા વિભાગમાં ગુમાસ્તાનું લાયસનસ લેવા સુ.મ.પા. માં જાય તો તે ગુમાસ્તાની નોંધણી કરવા માટે બીપીએમસી એકટમાં જોગવાઈ છે? અને જો ગુમાસ્તાની નોંધણી માટે બીપીએમસી એકટમાં જોગવાઈ ન હોય તો જરૂરી પુરાવા રજૂ કરી ગુમાસ્તાની નોંધણી થઈ શકે તે જોગવાઈ કયા અધિકારીએ પ્રથા ચાલુ કરવામાં આવેલ તે અધિકારીનું નામ આપવા માટે માહિતી માંગવામાં આવેલ એવું જણાવેલ છે.

અરજદારની તા.૩૦-૫-૦૯ ની અરજીથી જરૂરી પુરાવા આપીને ગુમાસ્તાના લાયસન્સની બીપીએમસસી એકટની જોગવાઈ છે જ નહીં હોત તો જરૂરી પુરાવા આપી લાયસન્સ આપવાની જોગવાઈ કયા અધિકારીએ આપી હતી તે અધિકારીનું નામ આપશો તેવી માહિતી માંગેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.એસ.એન્ડ.ઈ./ જા/૭૧ તા.૨૩-૬-૦૯ના મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ કરેલ છે. સદર પત્રથી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને માહિતી આપેલ છે કે ગુમાસ્તાના કોઈ લાયસન્સ આપવામાં આવતા નથી ફકત નોંધણી કરી પ્રમાણપત્રો આપવામાં આવે છે અને તેની સત્તા ગુમાસ્તા નિરીક્ષકને હોવાનું જણાવી નિરીક્ષકોના નામની વિગત આપેલ છે. અરજદારની અપીલના અનુસંધાને તા.૨૪-૭-૦૯ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સુનાવણી રાખવા અંગે અરજદાર તથા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને પત્ર નં.આરટીઆઈ સેલ/૪૦૫ તા.૨૦-૭-૦૯ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સુનાવણીના સમયે અરજદાર હાજર રહયા હતા અને જરૂરી પુરાવા આપી ગુમાસ્તા નોંધણી લાયસન્સની જોગવાઈની માહિતી મળેલ નથી, બીપીએમસી એકટમાં આ જોગવાઈ નથી તો કયા અધિકારીએ આ શરૂઆત કરી તેની માહિતી મળી નથી તેવી રજૂઆત કરી હતી. જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએ તેમના વતી ચીફ ગુમાસ્તાધારા ઈન્સ્પેકટરે સુનાવણી સમયે હાજર રહીને રજૂઆત કરી હતી. એ મુજબ શોપ એન્ડ એસ્ટા. એકટ ૧૯૪૮ મુજબ સંસ્થાની નોંધણી કરવામાં આવે છે અને નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવે છે. લાયસન્સ આપવામાં આવતું નથી. બીપીએમસી એકટમાં આ બાબતે કોઈ જોગવાઈ નથી અને શોપ એન્ડ એસ્ટા. એકટની જોગવાઈની નકલ રજૂ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ માહિતી અરજદારને પુરી પડાયેલ જણાય છે. જાહેર માહિતી અધિકારી પક્ષે પત્ર નં.એસ એન્ડ ઈ./જા/૯૧ તા.૧૭-૭-૦૯ ના પત્રથી અરજદારને પૂરક માહિતી પાઠવ્યાનું પણ જણાવેલ છે જેની રજૂ થયેલ નકલ અનુસાર બીપીએમસી એકટ અન્વયે ગુમાસ્તાધારાના લાયસન્સ આપવાની કોઈ જોગવાઈ નથી પરંતુ મુંબઈ દુકાનો અને સંસ્થાના અધિનિયમ૧૯૪૮ ની કલમ-૭ મુજબ સંસ્થાની નોંધણી કરી પ્રમાણપત્ર આપવામાં આવતું હોવાની તથા અરજી નમુનો 'એ' ફોર્મ સાથે તેમાં જણાવેલ વિગતોના ખરા પણા માટે જરૂરી પુરાવા રજૂ કરવા જણાવવાની જોગવાઈ તેમજ ગુમાસ્તાધારા નિરીક્ષકને તે અંગે સંતોષ થયે સંસ્થાની નોંધણી કરવામાં આવતી હોવાની માહિતી આપેલ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦-૫-૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા કાયદાકીય જોગવાઈના પરિપ્રેક્ષ્યમાં અરજદારને પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહતો નથી તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : -૭ -૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તા)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,